VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY

*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

# અનુઆધુનિક યુગના સાહિત્યક્ષેત્રે પર્યાવરણકેન્દ્રી વિવેચના

## અઝીઝ ઈબ્રાહીમ છરેચા

પી.એચડી. સંશોધનાર્થી, ઉત્તર ગુજરાત યુનિવર્સિટી – પાટણ

મો. ન. ૭૬૦૦૧૪૧૮૯૨

ઈમેલ:azizchhrecha@gmail.com

'પર્યાવરણકેન્દ્રી વિવેચના અને તેની સાંસ્કૃતિક મીમાંસા' એક અર્થમાં આજકાલ ચર્ચાતી નવી સંજ્ઞા છે. હજી એના વિશે જુદી જુદી રીતે વિચારવિમર્શ થતો જાય છે. પર્યાવરણ વિશેની જાગૃતતા સાહિત્યના અભ્યાસીઓની પણ પોતાના કર્તવ્ય વિશેની સજગતા એ દિશામાં વધી છે. પર્યાવરણ-પ્રકૃતિ-માનવેતર સૃષ્ટિ શું છે, તેનું પરાપૂર્વથી મનુષ્ય સાથે કેવું ખેડાણ રહ્યું છે અથવા વધારે સ્પષ્ટ રીતે કહેવું હોય તો તે ઉભયની એક સમયે કેવી અભિન્નતા હતી, તેને કારણે વિશ્વ કેવું સંતુલિત હતું અને આજે એ અભિન્નતા તૂટતાં દુનિયા અને માનવ કેવાં પરેશાન થાય છે, મનુષ્ય પર કેવો ભય તોળાઈ રહ્યો છે – આ અને આવા અનેક પ્રશ્નો સાહિત્યના અભ્યાસીઓ હવે હવે કરતા થયા છે.

હાલમાં(૨૦૨૪-૨૫) કુવેમ્પુ પુરસ્કારથી સન્માનિત ગુજરાતી ભાષાના પ્રસિદ્ધ સર્જક હિમાંશી શેલત પણ માનવજાત અને પશુસૃષ્ટિ વચ્ચેના પોતાના સંબંધો વિશે ખૂબ જ સંવેદનાત્મક રીતે પોતાની કથા અને વાર્તાઓમાં કરતા રજૂ કરતા હોય છે. પ્રકૃતિ સાથેનો વિચ્છેદ માનવજાત માટે કેવો ઘાતક છે તે બાબત સૌને સમજાઈ છે. 'વિકાસ'ને નામે ભૌતિકતાની દિશામં જે દોડ વધી છે, વિજ્ઞાને તેની કેટલીક નકારાત્મક બાબતો દર્શાવીને પ્રકૃતિ-મનુષ્યની અસમતુલા ઊભી કરી છે અને પ્રકૃતિવિમુખ થતો જતો માનવ પોતે જ પોતાની જાળમાં ફસાઈ કેવી પીડાઓને નિમંત્રી રહ્યો છે – વગેરે બાબતો હવે તેના વધુ વિકરાળ સ્વરૂપે આપણી સામે આવી રહી છે. સાહિત્યિક વિવેચના આ સર્વનાં મૂળ ખોળી, તેને કેવી રીતે અટકાવી શકાય, કેવી કેવી કૃતિઓ તેનાં દૃષ્ટાંત રૂપે પ્રાચીન સાહિત્યમાંથી મૂકી શકાય અથવા હવે રચાનાર કૃતિઓમાં પ્રકૃતિનો જો મહિમા કરાય, તેની અગત્યનો સ્વીકાર થાય, પ્રદૂષિત થતી આબોહવાને કેવી રીતે રોકી શકાય, સાહિત્ય તેવી સકારાત્મક બાજુ ઊભી કરવામાં કઈ રીતે ઉપકારક બની શકે – આ અને એવી અન્ય બાબતો વિશે અત્યારે ઠીક ઠીક વિચારણા ચાલી રહી છે. પ્રજાને પુનઃ પ્રકૃતિ તરફ લઇ જવાની ભૂમિકા પણ ઊભી કરી શકાય. પ્રકૃતિ પર્યાવરણ - નિસર્ગ, ગ્રામચેતના – નદી - સમુદ્ર - પંખી – પશુઓ – પહાડો, ખીણો, આકાશ – ધરતી – વૃક્ષો - પુષ્પો - પવન - પંખીકલરવ - અરણ્યો - આરણ્યક વાતાવરણ - સૂર્ય – ચંદ્ર – તારા - ગ્રહો અને એવું કંઈક કંઈક જે અત્યારનો માનવ પાછળ મૂકતો જાય છે, તેની અવહેલના કરી રહ્યો છે અને તેને કારણે કુદરતી હોનારતો - આફતો – ત્સુનામી – ધરતીકંપ–વાવાઝોડાં, કોરોના, ઇન્ફલુએન્ઝા કે એવા અનેક જીવલેણ રોગોનો મનુષ્ય ભોગ બની રહ્યો છે – એ સઘળું તેની વિરૂપતા સાથે, ચોંકાવી મૂકે એ રીતે, આજે આપણી સામે આવ્યું છે. વિશ્વના સાહિત્યિક વિવેચકો અને અન્ય વિદ્યાના તજ્જ્ઞો પૂરી સક્રિયતા સાથે આજે આ દિશામાં પ્રયત્ન કરી રહ્યા છે. પ્રકૃતિ વિના માનવ અધૂરો જ નહીં, અટૂલો સાથે દર્દગ્રસ્ત - પીડાગ્રસ્ત પણ છે -એ વાત હવે સૌ સમજતા થયા છે. જેમાં પર્યાવરણકેન્દ્રી વિવેચન આ દિશાનો, પોતાની રીતનો એક નમ્ર પ્રયાસ કરી રહ્યું છે.

પાંચ હજાર વર્ષ જૂની સંસ્કૃતિને સંગોપીને બેઠેલા ભારત જેવા દેશમાં 'પ્રકૃતિ' વિશે કેવી બુનિયાદી સમજ હતી, તે પણ જાણવું જરૂરી છે. કદાચ ભારતીય સંસ્કૃતિમાં પ્રકૃતિનો સર્વાંગીણ રૂપે જે રીતે સ્વીકાર થયો છે, જે રીતે એ માનવજાતના એક અકાટ્ય અંશ રૂપે તેનો સતત મહિમા થતો ગયો છે અને રામાયણ, મહાભારત ગીતાથી માંડીને વેદોપનિષદો - સંસ્કૃત સાહિત્યમાં તેનાં પ્રત્યક્ષ-અપ્રત્યક્ષ રીતે જે ગુણગાન-સ્તવન થયાં છે એ બાબત પણ પ્રકૃતિ-

http://vidyajournal.org

પર્યાવરણ સમ્યક્ અર્થમાં શું છે – તેનો ઊંડેથી નિર્દેશ કરી રહે છે. 'પર્યાવરણકેન્દ્રી વિવેચના' જેવી સંજ્ઞાને પણ સાચા અર્થમાં સમજવી હશે તો એ દિશામાંથી પણ ઘણું પામી શકાય તેમ છે. 'પર્યાવરણકેન્દ્રી વિવેચના' ભલે પશ્ચિમમાંથી આરંભાઈ પણ ભારતે તો હજારો વર્ષોથી તેને પ્રત્યક્ષ જીવનમાં જ વણી લઈને તેની મહત્તા સ્વીકારી હતી.

ભાષાના આગમન પૂર્વે આદિમાનવ પાસે, એની સામે અને એની સાથે પણ પર્યાવરણ હતું. સાગર – પહાડો-નદી-વૃક્ષો - પશુ – પંખીઓ – પવન – સૂર્ય – ચંદ્ર- તેનાથી ઘેરાયેલો હતો. આકાશ ઓઢણું અને પૃથ્વી પાથરણું – પર્જન્ય - વીજળી તારા તડકો – ઠંડી ભાત ભાતનાં તેનાં રૂપ, અવાજો, તેની સાથેના એ માનવના અનુભવો. કહો કે મનુષ્ય અને દૃશ્યજગત એકમેકમાં ઓગળી ગયેલાં હતાં. તે તેનાં શીતલ રૂપોથી, તેના સૌંદર્યથી વારંવાર અભિભૂત થતો રહ્યો હશે. તો તેનાં અગ્નિ-જળ-પર્જન્ય-વિદ્યુત વગેરેનાં પ્રચંડ રૂપો પણ તેણે વિસ્ફારિત નયને, ધડકતે હૃદયે નિહાળ્યાં હશે. કદાચ એક પોતાનાથી વધુ મહત્ શક્તિ તેણે તેમાં દેખાઈ હશે. તેમાંથી જ તે પ્રકૃતિને પ્રણામ કરવાનું શીખ્યો હશે, તેના સ્વામીત્વનો તેને સ્વીકાર કર્યો હશે. ભાષા આવતાં તેણે તેનાં રુદ્ર – રમ્ય અનુભવોને ગાન રૂપે અવતાર્યાં હશે. સરિતા-સમુદ્ર-સૂર્ય-ચંદ્ર-વૃક્ષ - પવન – પહાડો આકાશ – પૃથ્વી સર્વમાં તેણે કોઈક 'શક્તિ'નો અનુભવ કર્યો હશે, તેનાં પૂજન-અર્ચન તરફ એ વળ્યો હશે. દેવ કે દેવી રૂપે તેમાં તેની શ્રદ્ધા દૃઢ થતી આવી હશે. માનવ પ્રકૃતિ વિના અને પ્રકૃતિ માનવ વિના ન્યૂન લેખાતાં. આ બંનેનું સમાંજસ્ય, એ બંનેની પરસ્પરમાં ન ઉકેલી શકાય તેવી ગૂંથણી, એ જ વિશ્વ.

આપણાં વિધિવિધાનોમાં, આપણા મંત્રોમાં, આપણી સ્તુતિમાં, આપણી પ્રાર્થનાઓમાં, આપણાં ચિત્રો ને ગાનમાં, આપણાં કાવ્યોમાં, આપણી સોળ સંસ્કારની જન્મ-લગ્ન-મૃત્યુ સુધીની ઘટનાઓમાં આ પર્યાવરણ-પ્રકૃતિ એકરસે રસાઈ છે. આપણે સૂર્ય - સમુદ્ર નદી – પર્જન્ય – પવન બધાંમાં ઈશ્વરત્વનું આરોપણ કરી વિવિધ ઉત્સવોમાં તેઓને નિમંત્રીએ છીએ. વૃક્ષો-તૃણ- દુર્વા – પણ એ વિધિઓમાં આમેજ થયેલાં છે. સર્પ-શ્વાન કે ગાયથી માંડીને અન્ય પશુઓને પણ કૃષિસંસ્કારથી માંડીને અનેક અન્ય ક્ષેત્રોમાં સ્મરીએ છીએ, તેને વંદન કરીએ છીએ. કહો કે આપણો તેની સાથેનો અને તેનો આપણી સાથેનો અજસ્ર રૂપે સંવાદ ચાલતો રહ્યો છે. સૂરજ દાદા છે, ચંદ્ર મામા છે, નદી માતા છે, – સમુદ્ર પિતા છે, વૃક્ષો ઈશ્વર છે, પવન–અગ્નિ દેવ છે, પર્જન્ય દેવ છે – લીમડો, પીપળો-વડ- તુલસી – એ સર્વનું માહાત્મ્ય રહ્યું છે. મોરનું પિચ્છ હોય, કાગળનો ટુકડો હોય, કલમ-કિત્તો હોય, સંગીતનાં સાધનો હોય, દેવ-દેવીનાં વાહનો રૂપે પશુ-પંખી હોય –સર્વનો પવિત્ર-ભાવે આદર કરવાનું ગળથૂથીમાંથી જ આપણે પામી લેતા હોઈએ છીએ. શ્રીફળથી માંડીને – રંગો સુધીની દુનિયા પણ અંતરમન સાથે જોડાયેલી રહી છે.

ટૂંકમાં, આપણો ઋષિ ગાઈવગાડીને કહે છે: ઈશાવાસ્યમ્ ઈદમ્ સર્વમ્ —સઘળું ઈશમય છે. બસ આ જ આપણું જીવનસત્ય છે. રામાયણ – મહાભારત ભાગવત – ગીતા આગળ જતાં આવી આપણી પ્રકૃતિ સાથેની સંવાદલીલાને લંબાવે છે, સઘન રૂપે તેનો પરિચય કરાવી રહે છે. રામ કે પાંડવો પ્રકૃતિ વચ્ચે જ પરિમાર્જિત થયા, પરિપુષ્ટ થતા, સૃષ્ટિને તેના સમગ્ર રૂપે નિહાળતા થયા ને તેનો સમગ્ર રૂપે સ્વીકાર કરતા પણ થયા. કૃષ્ણ-રાધા બીજાં એવાં બે નામ છે જેમણે યમુના, કદંબવૃક્ષ, વૃંદાવન – વ્રજ ત્યાંની પ્રકૃતિ-પશુ-પંખી સર્વને નિમિત્તે વિશ્વની સભરતાનો અનુભવ કરાવ્યો. કાલિદાસે 'શાકુન્તલ', 'મેઘદૂત'માં અને બીજા અનેકોએ પ્રકૃતિના સ્પૃહણીય રૂપ સાથે માનવને જોડીને તેને વધુ વિનીત - વિવેકી - સંસ્કારી રૂપે પ્રસ્તુત કર્યો. કહો કે ભારતીય સંસ્કૃતિ – જનજીવને દુનિયાને એના વ્યાપક અને સાચા રૂપે પર્યાવરણ સાથે મનુષ્યના સંબંધોનું ઊંડું રહસ્ય પ્રતિફલિત કરી આપ્યું છે – આપણા ટાગોર સમેતના અન્ય ઘણા સર્જકની દિશા એ તરફ જ ખૂલતી જણાય... પશ્ચિમના અનેક સર્જકોએ –વિચારકોએ પણ સમયે સમયે પ્રકૃતિતત્ત્વના વ્યાપક રૂપનો મહિમા કર્યો છે. સૌંદર્ય અને સંવેદનાત્મક જગત માનવને કેવું ઉપકારક બનતું આવ્યું છે તે ત્યાંના એકાધિક સર્જકોએ મૂર્તિમંત કરી આપ્યું છે. શેક્સપિયર, વર્ડ્ઝવર્થ, મિલ્ટન, દાન્તે વગેરેની અનેક કૃતિઓમાં પ્રકૃતિનું સત્ત્વ નાનાવિધ રૂપે ઉજાગર થતું આવ્યું છે.

http://vidyajournal.org

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

પણ સમય સાથે માનવની, શાસકોની ગતિ-મતિ બંને બદલાયાં છે. જે પ્રકૃતિ-પર્યાવરણ સાથે આપણે સેવક બની તેનું સ્વામીત્વ સ્વીકારવામાં આનંદ પામતા હતા, તેની સાથેના સંવાદમાંથી પૂર્ણત્વનો અનુભવ કરી રહેતા હતા તેને બદલે હવે ‘માનવવિકાસ'ના રૂપાળા નામ નીચે એ પર્યાવરણની ઐસીતૈસી કરી તેની સામે માનવજાતે ક્રૂરતા આચરવી શરૂ કરી. જે 'ચક્ર' એક શોધ લેખાતું હતું એ ચક્ર યંત્રો—યંત્રસંસ્કૃતિનું પર્યાય બની પ્રકૃતિનો કચ્ચરઘાણ કાઢવા માટે પ્રવૃત્ત બન્યું. ‘કુહાડી’ આગળ જતાં આરી બનીને વૃક્ષો-અરણ્યનું નિકંદન કરવામાં અગ્રેસર બને છે. ધરતી પર તો પરિવહનની પારાવાર સમસ્યા છે, હવાપ્રદૂષણની ન કલ્પી શકય તેવી દુઃસહ સ્થિતિ છે જ... હવે ભૂમિની ભીતર – ભૂગર્ભમાં પણ પરિવહન શરૂ થયું, આકાશમાં પણ. ડીઝલ-પેટ્રોલ-ગેસ-વીજળીના બલ્બ - ડી.ડી.ટી., રસાયણો, રાસાયણિક ફેક્ટરીઓ, મિથેન, કાર્બન ડાયૉક્સાઇડ હવામાં ભળીને હજારો વર્ષથી રચાતા આવતા પેલા ‘ગ્રીન હાઉસ'ને ક્ષત-વિક્ષત કરી મૂકે છે. નદીઓ અશુદ્ધ બને છે, વૃક્ષો નષ્ટ પામે છે, પંખી-પશુઓની અનેક પ્રજાતિઓ નષ્ટ પામે છે, ડુંગરો-પહાડોને કોરી નાખવામાં આવે છે, જળસ્રોતો પર પણ માઠી અસર થાય છે. ઊંડે સુધી જમીનમાં શારકામ ખોદકામ થતાં ભૂમિનું સ્વાસ્થ્ય પણ જોખમાય છે. ગ્રામજીવન જે પ્રકૃતિને ધારી જીવી રહ્યું હતું તેની દોડ પણ પેલા ‘વિકાસ' સાથે જોડાતાં શહેરો પ્રદૂષણથી ફાટફાટ થવા લાગ્યાં. ગામડાંની અસલિયત પણ સાથોસાથ જોખમાઈ. હજારો હજારો એકર જીવન અનઉત્પાદક કરી દઈ તેની ઉપર સિમેન્ટ-કૉંક્રિટની તોતિંગ ઇમારતો ખડી થઈ ગઈ. નદીનાં પાણીને રોકી ડૅમ બનાવવા જતાં આજુબાજુનો પ્રદેશ વિવૃક્ષ થવા લાગ્યો, વૃક્ષોનું, હરિયાળીનું ત્યાં નામોનિશાન ન રહ્યું. ‘વસંત’ જાણે કવિતા પૂરતી અવશિષ્ટ રહી. કહો કે જે પ્રાકૃતિક-પર્યાવરણીય પરિવેશનું પૂજન કરતા હતા, તેના જ હનન માટે આપણે હવે પ્રવૃત્ત થયા. શાસકોએ પણ 'વિકાસ’ના અંચળા નીચે એવી ક્રૂરતાને પરોક્ષ કે પ્રત્યક્ષ રીતે દઢાવી. પ્રકૃતિ સાથેનો માનવીનો ભીતરી સંવાદ તૂટી જાય છે. સૂર્ય-ચંદ્ર - ધરા - આકાશ - તારકો - વૃક્ષો – પહાડો – નદીઓ – પશુ-પંખીઓ બધું સૌંદર્યપ્રેરક હતું, નમનને યોગ્ય હતું તે હવે વિજ્ઞાનની કેટલીક નકારાત્મક બાબતોને લઈને ‘વસ્તુ' કે ‘પદાર્થ’ બની જાય છે. ‘વન' જુદી રીતે સંપત્તિનું સાધન લેખાય છે. ઉદ્યોગોને નામે પાણી વેડફાય છે અને અશુદ્ધ પણ થાય છે.

પહેલા પશ્ચિમના રોમૅન્ટિક યુગના કવિઓએ – પ્રકૃતિ તરફ પાછા વળો—એવો તેથી સંકેત પણ કર્યો. રૂસો જેવાએ પણ તેમાં સૂર પુરાવ્યો. થોરો જેવાએ પણ પ્રકૃતિનાં રહસ્યોને પ્રણામ કર્યાં. પણ શાસકોના બહેરા કાને ભાગ્યે જ એ વાત પહોંચી છે. પહોંચી હોય તો તે વિશે તેઓ કશું કરવા માગતા નથી. આપણે માનવ તરીકે પણ એ સંદર્ભે સતર્કતા ગુમાવી બેઠા. આપણે દરેક વસ્તુ એકબીજા સાથે જોડાયેલી છે – એ સનાતન સત્યનું વિસ્મરણ કરી બેઠા. પ્રકૃતિ-પર્યાવરણને આપણે આપણી એડી નીચે કચડીને તેના સ્વામી થઈ બેઠા. કહો કે ‘વિકાસ’ પાછળ મોહાંધ થઈ બેઠેલા આપણે જે પ્રકૃતિ વડે ભીતરી સુખ–આનંદ પામ્યા હતા તે ખોઈ બેઠા. અસંતુલિત થયેલી પ્રકૃતિ પછી કરવટ ન બદલે તો જ આશ્ચર્ય થાય !

પ્રકૃતિ-મનુષ્યનો સંવાદ તૂટ્યો. સેવક સેવ્ય બની બેઠો. સેવ્યને મનુષ્યે દાસ બનાવવા પ્રયાસ કર્યા. પ્રકૃતિ સહે તો ક્યાં સુધી ? અને વિસંવાદ છેવટે વિસંવાદ રહે છે. ત્સુનામીનાં મોજાં અને તેનો વિનાશ માનવે જોયો. ધરતીકંપે કરેલી તારાજી નિહાળી. ઋતુઓનાં અકલ્પ્ય પરિવર્તનોની માઠી અસરોનો અનુભવ કર્યો. નવી નવી બીમારીએ એના વિરૂપ ચહેરાઓ બતાવ્યા. અગ્નિતાંડવો અને જલપ્રલયના માનવીએ હતાશ ચહેરે કરતૂતો જોયાં. છેલ્લી સદીઓમાં ઈન્ફલુએન્ઝા, પ્લેગ અને હવે કોરોના જેવા વાઇરસના માનવને ખતમ કરી નાખે તેવાં વિરૂપોનો, સાક્ષાત્ મૃત્યુ સામે મૂકી આપતાં દશ્યો—સત્યોનો અનુભવ કર્યો. બંધાતી તોતિંગ ઇમારતોએ અને રાસાયણિક ફેક્ટરીઓએ હવામાનની નિયત સાંકળને તોડી નાખી. કહો કે માનવ જુદ્ધે ચઢ્યો તો પ્રકૃતિ પણ જુદ્ધે ચઢી. જીવનનાં સઘળાં ગણિતો ઊંધાંચત્તાં થઈ રહે તેવી વિષમ અને દુઃસહ સ્થિતિ વચ્ચે માનવ વધુ ને વધુ ઘેરાતો રહ્યો. કેટલાક શાણા માણસો આ સ્થિતિને પામી ચૂક્યા હતા.

http://vidyajournal.org

VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY

*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

ઈ.સ. ૧૯૬૨માં 'સાઈલેન્ટ સ્પ્રિંગ' ગ્રંથમાં રાચેલ કાર્સને પર્યાવરણ પ્રતિ આપણને ગંભીર રીતે જોવા ટહેલ નાખી. ભૌતિકશાસ્ત્રના વૈજ્ઞાનિક ઍલન ઑકલેએ તેના 'કોન્ટમ' નિબંધથી પ્રદૂષણની ખતરનાક સ્થિતિ વિશે સૌને સતર્ક કર્યા. પ્રકૃતિ અને મનુષ્ય ઉભયના સ્વાસ્થ્યનું ત્યાં થયેલું નિદાન યંત્રવાદ, બજારવાદ, વિજ્ઞાનશોધોની આગેકૂચ, વીજાણુની શોધો, રાસાયણિક શોધો વગેરે વિશે નવેસરથી વિચારવા ફરજ પડે તેવી પરિસ્થિતિ, ઘટી રહેલી ઘટનાઓને સંદર્ભે પણ, સામે આવી. 'હાથનાં કર્યા હૈયે વાગ્યાં' કહેવત સાચી પડતી જણાઈ. ઈ.સ. ૧૯૭૨માં, પાંચ જૂને, સ્ટોકહોમમાં વિકાસશીલ રાષ્ટ્રોની પર્યાવરણ સંદર્ભે બેઠક મળી. કહો કે વિસંવાદની પ્રકૃતિ-લોકની સ્થિતિ વચ્ચે આશાનું એક કિરણ ફૂટ્યું. કમ-સે-કમ ફરી પ્રકૃતિ વિશે વિચારતા થયા. આ પૃથ્વી એકલા માનવની નથી. ઉમાશંકરના 'વિશ્વશાંતિ' કાવ્યનું સ્મરણ કરીને કહીએ તો –

'વિશાળે જગવિસ્તારે નથી એક જ માનવી;
પશુ છે પંખી છે પુષ્પો, વનોની છે વનસ્પતિ'

માનવનું અસ્તિત્વ પ્રકૃતિસંપત્તિ પર નિર્ભર છે પછી એ એનો હ્રાસ કરીને પોતાને કઈ રીતે સંસિદ્ધ કરી શકે — એ વાત પણ ધ્યાનમાં લેવી પડી. કુદરતની પ્રાકૃતિક સમૃદ્ધિ સાથે માણસે નિર્માણ કરેલું પર્યાવરણ પણ હવે લક્ષમાં લેવાવું શરૂ થયું. માનવીનાં રહેઠાણો, ઉદ્યોગો, કૃષિ, પશુપાલન, તેની રહેણીકરણી આ સર્વમાં પણ સંયમ-નિયમની સૌને જરૂર લાગી. કહો કે માનવસર્જિત પર્યાવરણ પ્રકૃતિપર્યાવરણ પર હાવી ન થઈ જાય તે પણ અનેક કારણોસર જોવાનું રહે. એક રીતે તો આપણાં બધાં જ ગંતવ્યો છેવટે એક યા બીજા રૂપે પ્રકૃતિથી જ આરંભાતાં હોય છે. કહો કે ઊંડું વિમર્શન કરતાં જરૂર લાગવાનું કે માનવના સઘળા ક્રિયા-કલાપો-કલા, વિજ્ઞાન-જીવનપદ્ધતિ-ક્યાંક ને ક્યાંક પ્રકૃતિતત્ત્વોથી પ્રેરિત કે પ્રભાવિત રહ્યાં છે. કહો કે સાહિત્ય પણ એ રીતે એ સર્વ સાથે જોડાતું આવ્યું છે. રાચેલ કાર્સન પૂર્વે અમેરિકામાં આદિવાસી જૂથના એક અગ્રણી સિએટલે કહેલા શબ્દો આપણે સૌએ સ્મરણમાં રાખવા જેવા છે: 'પૂર્વજો કહેતા હતા કે –આપણે આ પૃથ્વીના માલિક નથી, પણ પૃથ્વીનો અંશ છીએ.માતા કહેતી હતી, આ મૃત્તિકાનો પ્રત્યેક કણ પવિત્ર છે, વૃક્ષનું એક એક પર્ણ પવિત્ર છે. વૃક્ષની શિરાઓમાં પ્રવહતો રસ આપણી નસોમાં વહી રહ્યો છે હવાને પવિત્ર રાખો, ધરાને પવિત્ર રાખો.'

વિવિધ દેશોમાં લાખો લોકો પર્યાવરણ બચાવવા સભાઓ કરે છે - સરઘસો કાઢે છે – જે વસ્તુઓને કારણે પ્રદૂષણ વધી રહ્યું છે તેનો વિરોધ થાય છે. બેનેડિક્ટ સોળમા પોપે પણ પર્યાવરણ-બચાવની વાતને અનુમોદિત કરી છે. ભારતની બારમા ધોરણમાં ભણતી શ્વેતા મરાન્ડી નામની કન્યાએ યુનોમાં ભારતનું પ્રતિનિધિત્વ કરતાં ૧૦ જૂન, ૨૦૧૨માં કોલસાની ખાણોમાં કામ કરતા ખાણિયાના લોહીથી વીજળીની બત્તીઓ પ્રકાશી રહી છે એમ કહીને સૌને પર્યાવરણના મુદ્દે ચિંતિત કરી મૂક્યા હતા. સ્ટીફન હોકિંગે પણ તેમના મરણોત્તર પ્રકટ થયેલા ગ્રંથ 'બ્રીફ આન્સર્સ ટુ ધ બિગ ક્વેશ્ચન્સ'માં પ્રવર્તમાન સમયમાં મનુષ્યજાતને મૂંઝવી રહેલા પર્યાવરણના સંદર્ભોના ઉત્તરો આપીને મોટી ચેતવણી આપી છે. ફિઝિક્સના સિદ્ધાંતોને આધારે ધરા પરના કુદરતી સ્રોતો માનવસંખ્યાને લક્ષમાં લેતાં વધુ મોટા પ્રમાણમાં ખર્ચાઈ ચુક્યા છે અને અંતરિક્ષમાં પણ ભલે નરી આંખે ન દેખાતી હોય છતાં મોટી ઊથલપાથલ થઈ રહી છે જે ધરાનો કોઈ પણ ક્ષણે વિનાશ નોંતરી શકે... ફેબ્રુઆરી ૨૦૨૦માં બ્રિસ્ટલમાં પણ ત્રીસ હજાર યુવાનોએ ક્લાઈમેટચેન્જના વિરોધમાં રેલી કાઢીને ગ્રેટાએ કહ્યું હતું કે 'વિશ્વમાં આગ લાગી હોય ત્યારે આપણે ચૂપ ન રહી શકીએ. સરકારોએ જાગી જવું જોઈએ, માણસોને ડૂબવું કે મરવું નથી. આ અને આવી ઘટનાઓ દર્શાવે છે કે આપણે પકડેલી ખોટી દિશા માટે સજાગ થઈ ગયા છીએ. 'ભૂલ્યા ત્યાંથી ફરી ગણો' એ પ્રમાણે, પેલી લૅટિન કહેવતને પ્રત્યક્ષ કરી રહ્યા છીએ.

જગતના પ્રબુદ્ધ જનો, કળાકારો–સાહિત્યકારો—કેટલાક વૈજ્ઞાનિકો પણ તેથી આ દિશામાં સક્રિય થાય છે. શેક્સપિયરનું – પ્રકૃતિનો સ્પર્શ-સંપર્ક-સંબંધ સમગ્ર વિશ્વને એક કુટુંબ બનાવે છે – એ કથન સમજાવા માંડ્યું છે. જર્મન પ્રાણીવિજ્ઞાની અર્નેસ્ટ હેઇકલે ૧૯૭૦માં પ્રથમ વાર 'ઇકૉલૉજી' સંજ્ઞાનો ઉપયોગ કર્યો. અમેરિકા સમેતના અન્ય દેશોના ચિંતક-

http://vidyajournal.org

VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY
*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*
**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

ફિલસૂફો પણ 'ઈકૉલૉજી'ને વ્યાપક રૂપમાં જોઈને જીવન પરના તેના પ્રભાવને તપાસે છે. જીવન સાથે જોડાયેલી કળા પણ એમ અભ્યાસનો વિષય બને છે. સૃષ્ટિને, પ્રકૃતિને, જીવ-અજીવનો - સર્વનો બધી બાજુએથી - વિચાર કરવાનું જાણે કે પર્વ શરૂ થાય છે. આવા પર્યાવરણને દૂષિત થતું કેમ અટકાવી શકાય, તેના જતન માટે શું કરી શકાય અને વિકાસના કહેવાતા રથને ક્યાં અટકવું જોઈએ— અથવા તેમાં શાની બાદબાકી કરી શકાય વગેરેનો વિચાર વ્યાપક રૂપમાં થતો ગયો. ૧૯૭૩માં કેટલાક પર્યાવરણ-તજ્જ્ઞ આવી તપાસમાં સંસ્કૃતિ અને તેનાં ભિન્ન ભિન્ન રૂપોની સાથે અધ્યાત્મના પ્રભાવને પણ લક્ષમાં લે છે. કહો કે વધુ ગહન-સંકુલ રૂપે ઇકૉલૉજીને અને તે સાથે જોડાયેલા વિશ્વ – તેનાં તત્ત્વોનો અભ્યાસ વ્યાપક બનતો ગયો.

ઈ.સ. ૧૯૭૮માં સૌપ્રથમ વિલિયમ રુકર્ટ 'પર્યાવરણકેન્દ્રી વિવેચન' Ecocriticism' એવી સંજ્ઞા યોજે છે. પ્રમાણમાં નવી કહી શકાય તેવી આ વિવેચનશાખા છે. તેનું પૂરેપૂરું પોએટિક્સ તો કદાચ હવેનાં વર્ષોમાં, આપણી સામે તેનાં સઘળાં રૂપો સાથે, ઉદ્ભાસિત થશે. પણ અત્યારે તેની જે દિશા છે તે પણ એટલી જ સ્પૃહણીય છે.

આરંભે અમેરિકન કળાવિવેચકોએ અને તે પછી ફ્રેન્ચ – જર્મન – કોરિયા- યુરોપ -ભારત વગેરે અનેક દેશોએ આ દિશામાં અભ્યાસ શરૂ કર્યો. પ્રકૃતિ-પર્યાવરણની મહત્તા પ્રમાણી અને માનવજીવનમાં રહેલી તેની પ્રસ્તુતતાનો ઊંડેથી સ્વીકાર કર્યો, ઉભયના સંબંધોની પણ એ રીતે તપાસ થતી ગઈ. આજે અને આવનાર દિવસોમાં મનુષ્યસમાજ – મનુષ્યજગત સમક્ષ જે કંઈ દુઃસહ પરિસ્થિતિ ઊભી થઈ છે અને થનાર છે એ સામે કળા-સાહિત્ય-સાહિત્યકાર શું કરી શકે, તત્સંદર્ભે તેનું ઉત્તરદાયિત્વ કેવું-કેટલું – કળાકૃતિઓની તપાસમાંથી શું નીપજી આવે છે, અથવા કળામાં પ્રકૃતિની સાભિપ્રાયતા શી છે કે હોવી જોઈએ...

આ કે એવાં ઘણાં બિન્દુઓથી અહીં ચર્ચા આરંભાતી હોય છે. અહીં પરિ-આવરણ છે તો પરસ્પર સંબંધ ધરાવતા અન્ય વિષયો કે દ્રષ્ટિકોણો કે વિચારધારાઓ પણ છે, તેમનું પૃથક્કરણ પણ છે. કહો કે સમગ્ર પર્યાવરણ વિશે માનવનું દૃષ્ટિબિન્દુ કેવું રહ્યું છે તેની અહીં અનેક ખૂણેથી તપાસ થાય છે. આવા વિવેચનના કેન્દ્રમાં પ્રકૃતિ અને મનુષ્યના સંબંધોની વાત મુખ્ય રૂપે રહી છે. માણસ પ્રકૃતિથી દૂર જાય તો તેનાં કેવાં દુષ્પરિણામો આવી શકે, તેની સંવેદનશીલતા - લાગણીઓ બુટ્ટી બની જઈને તેને માટે કેવી વિષમતાઓ સર્જી શકે તે પણ લક્ષમાં લેવાય છે. આ સાથે વિજ્ઞાન – ભૌતિકવિજ્ઞાનના અતિરેકની મર્યાદાઓની પણ નોંધ અહીં લેવાતી આવી છે. કહો કે આ પ્રકારના વિવેચનમાં માનવજીવનના હિતનો વિચાર રહ્યો છે, સાથે પ્રકૃતિ–પર્યાવરણના ગૂઢ વરદાનનો સ્વીકાર કરવાની વૃત્તિ છે. આવા વિવેચનને માનવીને વધુ ને વધુ સૌંદર્યાભિમુખ કેમ કરી શકાય, તેનું મૂલ્ય કેમ તેને સમજાવી શકાય તેમાં રસ છે. તે પોતાના પરિ-આવરણને વધુમાં વધુ સમજે, તે પરત્વે સતર્ક બને અને તેના પ્રભાવથી તે બહેતર માનવ બને, તેનું જીવન પણ બહેતર બને તે માટે આવું વિવેચન પ્રવૃત્ત રહે છે. ગ્લોટફેલ્ટી જેવા વિદ્વાને સાહિત્ય અને પર્યાવરણ વચ્ચેના અભ્યાસ પર વધુ ભાર મૂક્યો છે. માઇકલ પી. કોહેને જરા જુદી રીતે કહ્યું હતું કે આવા વિવેચને કારિકામાં બંધાયા વિના વ્યાપક પ્રકૃતિતત્ત્વને ઊંડળમાં લેવાનું છે. ઇતિહાસ, ફિલસૂફી, મનોવિજ્ઞાન, કળાઇતિહાસ, સંસ્કૃતિ - પ્રકૃતિ – નીતિ એ સૌને તે માટે સમજવાં પડશે. ડોનાલ્ડ વર્સ્સ્ટરે ઇતિહાસના વિદ્વાન હોવા છતાં, માનવતાવાદને વરેલા સૌ કોઈ વિદ્વાનોને, આ સંદર્ભે પ્રમુખ ભૂમિકા ભજવવા માટે ટહેલ નાખી છે. અહીં આગળ વધીને પુરુષલેખક અને સ્ત્રીલેખક વચ્ચેનાં લખાણોમાં પ્રકૃતિ સંદર્ભે – તેના નિરૂપણ – વિષય સંદર્ભે અલગપણું દેખાય છે કે કેમ ? તેનો પણ વિચાર કરી શકાય. આવું વિવેચન સર્જકના અભિગમને જાણવો જોઈએ એમ દર્શાવીને લેખક – કૃતિ - વિશ્વ એવા ત્રિયોગી અભ્યાસની પણ જિકર કરે છે. આવકાર પામી રહેલું પર્યાવરણકેન્દ્રી વિવેચન અમેરિકામાં 'એસ્લે' અર્થાત્ Association for Study of Literature & Environment (ASLE)એ જુદી જુદી દિશામાં ગતિ દર્શાવતાં ટી.વી. કાર્યક્રમો, ચલચિત્રો, કળા-સ્થાપત્ય-ઉદ્યાનો, પ્રાણીસંગ્રહાલયો, શોપિંગ-મોલ્સ વગેરે અનેક બાબતોને અભ્યાસમાં આમેજ કરે છે.

http://vidyajournal.org

VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY

*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

કૃતિમાં પ્રકૃતિતત્ત્વનો પ્રયોગ, પ્રકૃતિ સાથે જોડાયેલ સૂર્ય-ચંદ્ર-ધરતી-દરિયો વગેરે સાથે સર્જક કઈ રીતે કામ લે છે; વર્ગ, જાતિ, વર્ણ વગેરે પરત્વે પ્રકૃતિ સાહિત્યની કઈ રીતે પ્રભાવિત કરે છે; શાસકોના તે પરત્વે અભિગમો કેવા છે, વિજ્ઞાન-સાહિત્ય કેટલે અંશે અહીં વિશ્લેષણાત્મક ભૂમિકાએ ઉપકારક બની રહે, અન્ય શાસ્ત્રો સાથેનો સંબંધ – આ અને આવી અન્ય બાબતો પણ ધ્યાનમાં લેવાતી હોય છે. ગ્રામજીવન – ગ્રામચેતનાને પણ કેટલીક અહીં સાંકળે છે. થૉમસ હાર્ડી કે થોરો જેવાનો આ સંદર્ભે અભ્યાસ થઈ શકે. રિચાર્ડ કેરીડ્ઝ જેવા સાહિત્યકારોના વિચારો પર્યાવરણ બાબતે કેવી રીતે ઉપકારક થઈ શકે તેના અભ્યાસ ઉપર પણ ભાર મુકાયો છે. ઈકોક્રિટિસિઝમનું દેખીતું પરિણામ એ આવ્યું કે સાહિત્યની સાથે સાથે વનસંરક્ષણ, શાકાહાર, વસ્તીનિયંત્રણ, વૃક્ષારોપણ, નેચરલ ગૅસ, પ્લાસ્ટિક વગેરે વિશે પણ વધુ સભાનતા આવી. ગ્રેગ જેરાર્ડ તેમના ગ્રંથમાં રહેઠાણ, પ્રાણીઓ, પૃથ્વી, નિસર્ગ, પ્રદૂષણ, સાક્ષાત્કાર જેવા મુદ્દાઓ લઈને પર્યાવરણકેન્દ્રી વિવેચનનું ક્ષેત્ર વિસ્તારી આપે છે.સાહિત્યના વિદ્યાર્થી સામે પર્યાવરણકેન્દ્રી વિવેચન આવા મુદ્દા પણ, એના મર્યાદિત અભ્યાસ માટે, મૂકી શકે. જેમ કે કોઈ ઊર્મિકાવ્ય – સૉનેટ કે દીર્ઘ કાવ્યમાં નિસર્ગનું આવિષ્કરણ કઈ રીતે થયું છે ? અમુકતમુક વાર્તા કે નવલકથામાં આવતું પ્રકૃતિપ્રભાવિત વસ્તુ કૃતિને ઉપકારક નીવડયું છે ? અથવા એકાંકી કે નાટકમાં પર્યાવરણ બાબતે અનુકૂળ સમજ જન્મી આવી છે ? પ્રસરી છે? પૃથ્વીને પ્રભાવિત કરનાર પુરાકલ્પનો, રૂપો વગેરે કૃતિની માવજત પર અસર કરનારાં બન્યાં છે ? વિભિન્ન સ્વરૂપોમાં પ્રકટેલી પ્રકૃતિને, તેનાં રૂપોને, અલગ અલગ તારવી શકીએ? મનુષ્ય – અ-મનુષ્ય વચ્ચેનો ભેદ તે વડે દર્શાવી શકાય ?

જયોર્જ ઓરવેલે 'ઍનિમલ ફાર્મ'માં આપેલાં તારણો પણ એવા અભ્યાસથી બદલાઈ શકે. પર્યાવરણકેન્દ્રી વિવેચન એમ વ્યાપકતા વિશે, ઘણી બાબતોમાં ફેરતપાસ –વિચાર માટે પણ સંકોરે છે. આવા વિશાળ વિશ્વમાં આપણે શું એક 'કીડી'માત્ર છીએ ? જિંદગી અને સાહિત્ય ઉપર કુદરતી કે વૈજ્ઞાનિકોએ તારવેલાં સત્યો કઈ રીતે અસર કરે છે ? શું પ્રકૃતિની અનેક કૃતિઓ – સંસ્કૃતિઓ છે ? આવું વિવેચન હવે ધીમે ધીમે હાંસિયામાંથી કેન્દ્રમાં આવતું જાય છે. તે નિમિત્તે બીજાં શાસ્ત્રો-સંબંધિત રહસ્યોપણ ખૂલતાં જાય છે. ઓર્નેનઇસન અને ગેરી સ્નીડર, જયોર્જ સેસન્સ જેવાઓ વધુ સક્રિયતા દાખવીને હવે મનુષ્યની સાથે પ્રકૃતિનાં તમામ તત્ત્વો - રૂપો - પશુપંખી-પ્રાણી-વૃક્ષો નદી-પર્વત-વનોને જોડીને તે સર્વ સાથે સમભાવ કેળવવા ઉપર ખાસ ભાર મૂકે છે. પ્રકૃતિની સંકુલતા અગાઉ કરતાં વધુ સમજાઈ છે. Nature is complex એવું ડેના ફિલિપ્સ સમુચિત રીતે કહે છે.

પૃથ્વી આપણું એક વિશાળ ગૃહ છે અને આપણે આપણા એ ગૃહને સભર રાખવાનું છે એવી ઊંડી સમજ પણ જગવવાની રહે છે. ડેવિડ બોટકીને લાક્ષણિક રીતે કહ્યું છે –'આપણે પ્રયત્ન તો જારી રાખવાનો છે. અવરોધો છે, અસ્તિત્વના અંતિમ છેડાના પ્રશ્નો પણ છે. વળી આપણે સૌ સમયના સમુદ્રમાં એક નાની નાવ લઈને નીકળ્યા છીએ. તેમાં વળી આપણી સાથે તેને નાંગરવા માટેનું એવું કોઈ ઉપકરણ નથી જે સલામત રીતે બંદર-કાંઠે ઉતારે.'

ડેવિડની વાતમાં તથ્યાંશ જરૂર છે. છતાં માનવજાત જાગી છે એ મોટી વાત છે. પર્યાવરણકેન્દ્રી વિચારણા આપણી તદ્વિષયક સમજને જરૂર સંવર્ધી શકે તેમ છે. વ્યાસ-વાલ્મીકિ-કાલિદાસની કૃતિને પર્યાવરણના અને સંસ્કૃતિના વ્યાપક અભ્યાસઅર્થે ફરીથી આ સંદર્ભે વાંચવી રહી અને જરા જુદી રીતે અભ્યાસ કરવાની હવે જરૂર છે.

## સંદર્ભગ્રંથ:

1. પર્યાવરણકેન્દ્રી વિવેચનવિચારણા, નૂતન જાની, પાર્શ્વ પબ્લિકેશન, ૨૦૧૨
2. સંસ્કૃતિ-સંદર્ભ, રઘુવીર ચૌધરી, ગુજરાતી સાહિત્ય પરિષદ,૨૦૦૬

http://vidyajournal.org